# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતીમાં N.D.A.ના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણને ઉમેદવારીપત્ર ભર્યું.
2. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્ત પર હુમલો કરનારા આરોપી ઝડપાયો.
3. ત્રણ નવા મંત્રીઓના શપથગ્રહણ સાથે છત્તીસગઢમાં રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ.
4. યુક્રેનને અમેરિકા દ્વારા અપાતા શસ્ત્રોનો ખર્ચ હવે નાટો ઉઠાવશે.
5. ગુજરાત, ગોવા અને મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# RADHAKRISHNAN - NOMINATION

**N.D.A.**ના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણને આજે સંસદ ભવનમાં પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ, જે.પી. નડ્ડા, કિરેન રિજિજુ અને **N.D.A.**ના સાથી પક્ષોના નેતાઓ, ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરતા પહેલા , સી.પી. રાધાકૃષ્ણને સંસદ ભવનના સંકુલમાં પ્રેરણા સ્થળ પર પુષ્પાંજલિ અર્પણ કરી , જ્યાં ભારતના પ્રખ્યાત નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓ છે. તેમણે પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમા સમક્ષ નમન કર્યું અને પછી અન્ય પ્રખ્યાત હસ્તીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

ઉપરાષ્ટ્રપતિ પદની 9મી યોજાનારી ચૂંટણી માટેની ઉમેદવારી પત્રો ભરવાની આવતીકાલે છેલ્લી તારીખ છે અને ત્યારબાદ 22 તારીખે ઉમેદવારોની ચકાસણી થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PARL..ADJOURNED

બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા સહિત વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોના હોબાળાને કારણે સંસદના બંને ગૃહોની કામગીરી બપોરે બે વાગ્યા સ્થગિત કરાઇ  છે. બંને ગૃહોમાં  વિપક્ષી પક્ષોએ **SIR**ના મુદ્દા પર ચર્ચાની માંગણી સાથે વિરોધ શરૂ કર્યો. દરમિયાન લોકસભામાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ઓનલાઈન ગેમિંગનું સંવર્ધન અને વિનિયમન ખરડો 2025 રજૂ કર્યો.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને રાજ્યસભાના ઉપાસભાપતિ  વિરોધ કરી રહેલા સભ્યોના વર્તન પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવી યોગ્ય નથી. અપીલ છતાં, વિપક્ષી સભ્યોએ તેમનો વિરોધ ચાલુ રાખ્યો, જેના પગલે બંને ગૃહોની કાર્યવાહી બે વાગ્યા સુધી મોકૂફ રાખવાની   ફરજ પડી હતી.

. . . . . . . . . . . .

# REKHA GUPTA ATTACK

દિલ્હી પોલીસે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર તેમના નિવાસસ્થાને થયેલા હુમલા ના આરોપીની ધરપકડ કરી છે. ભાજપે આ હુમલાની નિંદા કરી છે.દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે પોલીસે તપાસ શરૂ કરી છે. તેમણે કહ્યું કે હાલમાં શ્રીમતી ગુપ્તાની હાલત સ્થિર છે.

## બાઈટ -વીરેન્દ્ર સચદેવ

દિલ્હીના કેબિનેટ મંત્રી પરવેશ સાહિબ સિંહે પણ દિલ્હીના મુખ્યમંત્રી પર થયેલા હુમલાની નિંદા કરતાં સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે આ ઘટના ખૂબ જ નિંદનીય છે અને લોકશાહી મૂલ્યો પર સીધો હુમલો છે. તેમણે ઉમેર્યું હતું કે આ લોકશાહી પ્રક્રિયાને ખલેલ પહોંચાડવાનો કોઈપણ પ્રયાસ કોઈપણ સંજોગોમાં સહન કરી શકાય નહીં.

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા , આતિશીએ પણ આ હુમલાની નિંદા કરતાં સોશિયલ મીડિયા પોસ્ટમાં , કહ્યું કે લોકશાહીમાં, મતભેદ અને વિરોધ માટે સ્થાન છે, પરંતુ હિંસા માટે કોઈ સ્થાન નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SOUTH-CENTRAL-RAILWAYS-WOMEN-POWER.RTF

દક્ષિણ-મધ્ય રેલ્વેમાં સૌથી મહત્વપૂર્ણ ઓપરેશન્સ , કોમર્શિયલ, ફાઇનાન્સ, સિક્યુરિટી અને મેડિકલ વિભાગનું નેતૃત્વ મહિલા અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

SCRના ઇતિહાસમાં પહેલી વાર , તેના પાંચ સૌથી મહત્વપૂર્ણ વિભાગોનું નેતૃત્વ હાલમાં મહિલા અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

જેમાં 1991 બેચના અધિકારી કે. પદ્મજા, ટ્રેન સંચાલન, મુસાફરોની સલામતી, નાણાકીય શિસ્ત અને આરોગ્યસંભાળ સેવાઓનું સંચાલન કરે છે. 1998 બેચના અધિકારી ઇતિ પાંડે , ટ્રેનના સમયપત્રક ,માલવાહક કામગીરીનું નિરીક્ષણની સાથે મુસાફરોની સેવાઓ અને વ્યવસાય વિકાસનું સંચાલન કરે છે.

. . . . . . .

# CHHATTISGARH - CABINET EXPANSION

છત્તીસગઢમાં આજે રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું. રાજ્યપાલ રમણ ડેકાએ રાજભવન ખાતે ગજેન્દ્ર યાદવ , રાજેશ અગ્રવાલ અને ગુરુ ખુશવંત સાહેબને મંત્રી તરીકે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા.

મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ , નાયબ મુખ્યમંત્રીઓ અરુણ સાઓ અને વિજય શર્મા, વિધાનસભાના અધ્યક્ષ ડૉ. રમણ સિંહ અને મંત્રી પરિષદના સભ્યો આ પ્રસંગે હાજર રહ્યા હતા.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# EC INITIATIVES

ચૂંટણી પંચે ગત છ મહિનામાં ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત બનાવવા અને સુધારવા માટે અનેક પગલા લીધા છે. પંચે એક નિવેદનમાં જણાવ્યું , આ સુધારાઓમાં તમામ હિસ્સેદારોને સામેલ કરવા, ચૂંટણી પ્રણાલિને સુદ્રઢ અને સ્વચ્છ બનાવવા, ટૅક્નોલૉજીનો ઉપયોગ વધારવા , મતદાન પ્રક્રિયામાં સરળતા , મતદાર યાદીઓની ચોકસાઈ અને ક્ષમતા નિર્માણના પગલાંનો સમાવેશ થાય છે.

પંચે જણાવ્યું , આવા 28 પગલાંનું આયોજન કરાયું હતું. તેમાં નિષ્ક્રિય નોંધાયેલા બિન-માન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોને દૂર કરવા , મતદાનમથકનું 100 ટકા વૅબ-કાસ્ટિંગ , બિહારમાં વિશેષ સઘન સમીક્ષા , રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત બૂથ લેવલ ઍજન્ટની તાલીમ અને રાષ્ટ્રીય રાજધાનીમાં બૂથ લેવલ અધિકારીઓ અને નિરીક્ષકોની તાલીમનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાત , ગોવા અને મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી જમ્મુ અને કાશ્મીર , ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને પૂર્વી રાજસ્થાનમાં ભારે વરસાદની આગાહી કરાઇ છે.

ભારતીય હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. દિવસભર ભારે વરસાદ બાદ આજે સવારે મુંબઈમાં હળવો વરસાદ પડ્યો હતો. મધ્ય, પશ્ચિમ અને હાર્બર લાઇન પર ઉપનગરીય ટ્રેન સેવાઓ તેમજ BEST બસ સેવાઓ સરળતાથી ચાલી રહી છે. પનવેલ મ્યુનિસિપલ કોર્પોરેશને આ પ્રદેશની શાળાઓમાં રજા જાહેર કરી છે.

આગામી સાત દિવસ મધ્યપ્રદેશ , સિક્કિમ , છત્તીસગઢ અને ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે. આજે કર્ણાટક અને તેલંગાણાના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે દિલ્હી NCRમાં આવતીકાલ સુધી ગાજવીજ સાથે હળવાથી હળવા વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . . . .

# US UKRAINE WEAPONS

અમેરિકા હવે યુક્રેનને મફત શસ્ત્રો કે નાણાકીય સહાય આપશે નહીં. અમેરિકાના રાજ્ય સચિવ માર્કો રુબિયોએ એક ટેલિવિઝન ચેનલ સાથેની મુલાકાતમાં આ વાત કહી.

તેમણે કહ્યું કે અમેરિકા હવે યુક્રેનને શસ્ત્રો વેચશે , જેનો ખર્ચ યુરોપિયન દેશો નાટોના માધ્યમથી ઉઠાવશે. તેમણે રશિયા યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા તરફ આગળ વધવા પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . .

# SPAIN-WILDFIRE

સ્પેનના દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ પ્રદેશોના જંગલમાં પ્રચંડ આગ ફેલાઈ રહી છે. દક્ષિણ-પશ્ચિમ સ્પેનમાં કેસેરેસ ગેલિસિયા અને કેસ્ટિલા-લિયોનના ઉત્તર-પશ્ચિમ પ્રદેશો સાથે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનો એક છે.

યુરોપિયન ફોરેસ્ટ ફાયર ઇન્ફર્મેશન સિસ્ટમ અનુસાર, 2025માં અત્યાર સુધીમાં સ્પેનમાં ત્રણ લાખ 82 હજાર હેક્ટરથી વધુ જમીન બળી ગઈ છે , જેમાં છેલ્લા બે અઠવાડિયામાં જ ત્રણ લાખ હેક્ટરથી વધુ જમીન નાશ પામી છે. દરમિયાન , સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ દેશને તબાહ કરી રહેલા આ વ્યાપક જંગલી આગના પ્રતિભાવમાં નાગરિક સુરક્ષા કટોકટી જાહેર કરવાનું વિચારી રહ્યા છે.

. . . . . . . . . . . .

# PAK-EARTH-QUAKE.RTF

આજે વહેલી સવારે પાકિસ્તાનમાં ૩.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપ ઇસ્લામાબાદ, રાવલપિંડી, પેશાવર, સ્વાત, ચિત્રાલ અને એબોટાબાદમાં અનુભવાયો હતો. અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

પાકિસ્તાન હવામાન વિભાગના સિસ્મિક નેટવર્ક અનુસાર તેનું કેન્દ્ર અફઘાનિસ્તાનમાં હિન્દુ કુશ પ્રદેશ હતું , જે ૧૯૦ કિમીની ઊંડાઈએ હતું. ગઈકાલે , ઇસ્લામાબાદ, રાવલપિંડી અને ખૈબર પખ્તુનખ્વાના કેટલાક ભાગોમાં ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

પંજાબના પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે અહેવાલ આપ્યો હતો કે પ્રાંતના બહાવલપુર, ડેરા ગાઝી ખાન, ફૈસલાબાદ, ગુજરાંવાલા, ગુજરાત, લાહોર, મુલતાન, સાહિવાલ અને સરગોધા વિભાગોમાં પણ ભૂકંપ અનુભવાયો હતો.

. . . . . .

# RELIEF WORKERS

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે વિશ્વ માનવતાવાદી દિવસ નિમિત્તે રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલા કાર્યકરોની પ્રશંસા કરી છે. તેમણે વિશ્વભરમાં ચાલી રહેલા સંઘર્ષો અને આફતો વચ્ચે કામ કરી રહેલા કાર્યકરોની રક્ષા માટે તાત્કાલિક પગલાં લેવાની અપીલ કરી છે.

શ્રી ગુટેરેસે કહ્યું કે માનવતાને બચાવવામાં રોકાયેલા કાર્યકરો વિશ્વભરમાં જોખમોનો સામનો કરી રહેલા 30 કરોડથી વધુ લોકોની છેલ્લી આશા છે.

ઉલ્લેખનીય છે કે  ગયા વર્ષે , વિશ્વભરમાં 390 રાહત કાર્યકરો માર્યા ગયા હતા, જે અત્યાર સુધીનો સૌથી વધુ છે. જેમાં ગાઝામાં માર્યા ગયેલા 181 અને સુદાનમાં માર્યા ગયેલા 60 રાહત કાર્યકરોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .